અપીલ અરજી નં.૩૨૫ તા.૧૫–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ફાલ્ગુની કમલકાંત જરીવાલા
સામાવાળાઃ– ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ફાલ્ગુની કમલકાંત જરીવાલાની તા.૧૩–૧૨–૧૦ ની અરજીથી ટીપી સ્કીમ નં.૧૯ કતારગામ જુનો રે.સ. નં.૫૫૩/૨, નવો રે.સ. નં.૫૫૩/૩, ફા.પ્લોટ નં.૧૧૬ ફુલપાડા રોડ, કાંસાનગર તળાવની સામે સુરતમાં નમુનો–ક ની અરજીમાં જણાવેલ ટેનામેન્ટ નંબરવાળી મિલ્કતોની વિગતો કોના નામ પર દાખલ કરવામાં આવેલ છે તેમજ કોઈ પણ પ્રકારના નામફેર અંગેની સને ૧૯૮૭ થી સને ૨૦૦૦ સુધીની તમામ માહિતીની નકલો આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૫–૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૨૫/૨૦૧૦–૧૧

શ્રી ફાલ્ગુની કમલકાંત જરીવાલાની તા.૧૩–૧૨–૧૦ ની અરજીથી ટીપી સ્કીમ નં.૧૯ કતારગામ જુનો રે.સ. નં.૫૫૩/૨, નવો રે.સ. નં.૫૫૩/૩, ફા.પ્લોટ નં.૧૧૬ ફુલપાડા રોડ, કાંસાનગર તળાવની સામે સુરતમાં નમુનો–ક ની અરજીમાં જણાવેલ ટેનામેન્ટ નંબરવાળી મિલ્કતોની વિગતો કોના નામ પર દાખલ કરવામાં આવેલ છે તેમજ કોઈ પણ પ્રકારના નામફેર અંગેની સને ૧૯૮૭ થી સને ૨૦૦૦ સુધીની તમામ માહિતીની નકલો આપવા બાબતે માંગેલ વિગતો અપૂરતી આપેલ છે જેનાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા જણાવી તથા વધુમાં તુમારની ઉપલબ્ધતા નાશ/નિકાલની વિગતો પણ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૦૨ તા.૨૧–૧–૧૧ થી ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૪૮૬ તા.૩૧–૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, એસેસમેન્ટ રજીસ્ટર ૧૯૮૭–૮૮ , ૧૯૯૧–૯૨,૧૯૯૬–૯૭ ની નકલ, તથા ૧૯૮૮–૮૯ નું કાચુ પત્રક,અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૫૯૮ તા.૬–૧–૧૧ ના પત્રની નકલ, અરજદારની ફી ભર્યાની વિગત અત્રેના વિભાગને મળેલ છે. અરજદારે મળેલ માહિતી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૫૯૮ તા.૬–૧–૧૧ ના પત્રની નકલ, ફી ભર્યાની વિગત ,અરજદારે માહિતી અંગે નાણા ભર્યા અંગેની રસીદ નં.૭૬૨૮૪ તા.૧–૧–૧૧ ની રસીદની નકલ તથા મેળવેલ માહિતીની એસેસમેન્ટ રજીસ્ટર કાચુ પત્રક ની નકલો રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૩–૧૨–૧૦ ની અરજીથી ટીપી સ્કીમ નં.૧૯ કતારગામ જુનો રે.સ. નં.૫૫૩/૨, નવો રે.સ. નં.૫૫૩/૩, ફા.પ્લોટ નં.૧૧૬ ફુલપાડા રોડ, કાંસાનગર તળાવની સામે સુરતના જુના ટેનામેન્ટ નંબરો (૧ ) ૧૯એચ–૩૯–૦૯૭૧–૦–૦૦૧ (૨) ૧૯એચ–૩૯–૦૯૯૧–૦–૦૦૧(૩) ૧૯એચ–૩૯–૦૯૯૧–૦–૦૦૨ ( ૪)૧૯એચ–૩૯–૦૯૯૧–૦–૦૦૩ (૫) ૧૯એચ–૩૯–૦૯૯૧–૦–૦૦૪ (૬) ૧૯એચ–૩૯–૦૯૯૧–૦–૦૦૫ (૭) ૧૯એચ–૩૯–૦૯૮૧–૦–૦૦૧ (૮) ૧૯એચ–૩૯–૦૯૮૧–૦–૦૦૨ (૯) ૧૯એચ–૩૯–૦૯૮૧–૦–૦૦૩ (૧૦) ૧૯એચ–૩૯–૦૯૮૧–૦–૦૦૪ (૧૧) ૧૯એચ–૩૯–૦૯૮૧–૦–૦૦૫ (૧૨) ૧૯એચ–૩૯–૦૯૮૧–૦–૦૦૬ નવા ટેના મેન્ટ નંબર (૧) ૧૫જી–૩૧–૫૯૨૧–૦–૦૦૧ (૨) ૧૫જી–૩૧–૫૯૩૧–૦–૦૦૧ (૩) ૧૫જી–૩૧–૫૯૩૧–૦–૦૦૨ (૪) ૧૫જી–૩૧–૫૯૩૧–૦–૦૦૩ (૫) ૧૫જી–૩૧–૫૯૩૧–૦–૦૦૪ (૬) ૧૫જી–૩૧–૫૯૩૧–૦–૦૦૫ (૭) ૧૫જી–૩૧–૫૯૩૧–૦–૦૦૬ (૮) ૧૫જી–૩૧–૫૯૪૧–૦–૦૦૧ (૯) ૧૫જી–૩૧–૫૯૪૧–૦–૦૦૨ (૧૦) ૧૫જી–૩૧–૫૯૪૧–૦–૦૦૩ (૧૧) ૧૫જી–૩૧–૫૯૪૧–૦–૦૦૪ (૧૨) ૧૫જી–૩૧–૫૯૪૧–૦–૦૦૫. ઉપરોકત જણાવેલ ટેનામેન્ટવાળી મિલ્કત પર સદર મિલ્કત ટ્રાન્સફર કરવા માટે રજૂ કરેલ નામફેર અરજી તથા રજૂ કરાયેલ તમામે તમામ દસ્તાવેજોની, પાર્ટીસ્ટેટસ તથા ભુતકાળમાં રજૂ કરાયેલ તુમારો વિગેરેની સહી સિકકાવાળી નકલો મેળવવા બાબતની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામ ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૫૯૮ તા.૬–૧–૧૧ થી અરજદારને માહિતી પુરાવાના પાના નંગ–૩૩ ના પ્રતિ રૂા.૨/– લેખે કુલ રૂા.૬૬ જમા કરાવ્યેથી પુરા પાડવામાં આવશે આ સિવાયના કોઈ માહિતી પુરાવા મળ્યેથી અલગથી જાણ કરવામાં આવશે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાળ મળેલા પ્રતિભાવથી નારાજ થઈ માંગેલ માહિતીની નકલો અપૂરતી મળેલ હોવાનું તથા અવ્યવસ્થિત મળેલ હોવાનું જણાવી તા.૧૫–૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અરજદારે માહિતી મેળવવા અંગે જાહેર માહિતી અધિકારીએ જણાવેલ દસ્તાવેજ ફી રસીદ નં.૭૬૨૮૪ તા.૭–૧–૧૧ ના રોજ ભરપાઈ કરેલ છે અને તે અંગેની માહિતી મેળવેલ છે.

અરજદારે મુળ અરજીમાં ટેના નં.૧૯એચ  જણાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ ૧૯ એચ ની જગ્યાએ ૧૯ ઈ ના વોર્ડ જણાવી અન્ય લોકેશન નંબર અને ઓનર નંબર અને સબ ઓનર નંબર સરખા છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી અરજદારે મેળવેલ છે જેની વિગત સને ૧૯૮૮–૮૯ નું કાચુ પત્રક પાના નંગ–૧૦ તથા એસેસમેન્ટ રજીસ્ટર –૧૯૮૭–૮૮ પાના નંગ–૬, ૧૯૯૧–૯૨ પાના નંગ–૧૮ ૧૯૯૬–૯૭ પાના નંગ–૭ જાહેર માહિતી અધિકારીએ પૂરા પાડેલ છે. અને જે અરજદારે મેળવેલ છે. તે બાબતે અરજદારને કોઈ તકરાર નથી. પરંતુ જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીમાં આ સિવાયની અન્ય કોઈ માહિતી /પુરાવા મળ્યેથી અલગ પત્ર લખી જાણ કરી માહિતી આપવામાં આવશે તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારને અધૂરી માહિતી હોવાનું જણાવી તેવી માહિતીની રજૂઆત કરેલ છે. આમ જાહેર માહિતી અધિકારીએ નહી પૂરી પાડેલ માહિતી અંગે માહિતી કે તેના નિકાલ અંગેની વિગતો અરજદારને પૂરી પાડવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરા પડાયેલ માહિતી કે તેના નિકાલ અંગે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં જરૂર જણાયે લાગત દફતરની તપાસણી સહિત અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવા ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), .....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી ફાલ્ગુની કમલકાંત જરીવાલા,